


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૪૧ | ૨૨ એપ્રિલ, ૨૦૧૪, મંગળવાર; ચૈત્ર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રાજયમાં ૪૩ વિધાનસભા મતવિસ્તારો આર્થિક રીતે સંવેદનશીલ છે : સંપટ

## ૧૦,૭૩૫ મતદાન મથકો ક્રિટીકલ : ૪૭૦ મોડેલ મતદાન મથકો બનશે

## ૯૨ જેટલા કિસ્સામાં પેઈડ ન્યુઝ ધ્યાને આવતાં નોટીસ અપાઈ છે




ગાંધીનગર, તા.૨૧ ગુજરાતમાં ૪૩ વિધાનસભા મતવિસ્તારો આર્થિક રીતે સંવેદનશીલ છે અને ખર્ચ વ્યવસ્થાપનને અસરકારક નિયમન કરવા માટે પંચ સંપૂર્ણ કટિબધ્ધ છે, તેમ ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરશ્રી સંપટ એ આજે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું.

તેમમે જણાવ્યું હતું કે રાજયમાં ૧૦હજાર ૭૩૫ મતદાન મથકો પણ ક્રીટકલ છે તે અલગ તારવવામાં આવ્યા છે. શ્રી સંપટ એ જણાવ્યું હતું કે પંચ આ વખતે ખર્ચ વ્યવસ્થાપન માટે કટિબધ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે ૯૩ જેટલા કિસ્સાઓમાં પેઈડ ન્યુઝ મિડિયામાં આવ્યા હોવાનું જણાતાં તે અંગે નોટીસો પંચ દ્વારા આપવામાં આવી છે.

# મોદીના વૈવાહિક દરજ્જાને લઈ પંચને ફરિયાદ મળી છે : સંપટ

ગાંધીનગર, તા. ૨૧ મુખ્યમંત્રી મોદીએ તેમના સોંગનામામાં પત્નીના નામનો પહેલીવાર ઉલ્લેખ કર્યાની વાત અંગે ચૂંટણી પંચને ફરિયાદ મળી છે તેવો એકરાર મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી સંપટે આજે કર્યો હતો.

ગુજરાતમાં સમીક્ષા બેઠકને અંતે પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે પંચને મળેલી ફરિયાદના અનુસંધાને પંચ તેની ચકાસણીની કામગીરી કરી રહ્યું છે.

આઝમખાને પંચને લઈ કરેલા વિધાનો અંગે પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે પંચ એ બંધારણીય સંસ્થા છે અને તે તેના આદર્શો અને પરંપરા મુજબ જ કાર્યવાહી કરે છે જે જગવિખ્યાત છે. કોણ શું કહે છે તેની સાથે અમારે કંઈ લેવા દેવા નથી.

ચૂંટણી માત્ર ભારતનો જ નાગરિક લડી શકે કે કેમ? તેવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે 'હા'. ગુજરાતમાં એક વિદેશી નાગરિકે કરેલી ઉમેદવારીને લઈ પુછાયેલા એક પક્ષના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે પંચ આ બાબતમાં પુરી તપાસ કરી યોગ્ય પ્રત્યુત્તર જરૂર આપશે.

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં આટલી મોટી રકમનો દારૂ પકડાયો? તેવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે આ સત્ય હકીકત છે. પકડાયો છે અને તે વધારે છે.

ગુજરાતમાં ૪૩ વિધાનસભા મતવિસ્તારો જે આર્થિક રીતે સંવેદનશીલ છે ત્યાં ચાંપતી નજર રાખવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે પંચની સૂચના મળે તે પછી નહિ પણ અધિકારીઓને સ્વંય વિવેકબુદ્ધિથી નિર્ણય લઈ જરૂરી કાર્યવાહી કરવા માટે જણાવાયુ છે. તેમણે જણાવ્યું હતું કે રાજયમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થાય તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર





મૂશળધાર - રવિવારની સાંજે મૂશળધાર વરસાદ ખાબક્યો... દોઢ કલાકમાં તો ગાંધીનગરમાં જાણે જળબંબાકાર, નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયા... ચોમાસાની યાદ અપાવતા હોય એવા પાણી ભરાયા... નગરના માર્ગો પર જાણે નદી વહેતી હોય એવા દ્દશ્યો સર્જાયા... સોસાયટીના કોમન પ્લોટમાં જાણે તળાવ સર્જાયા હોય... આમ ઠેર ઠેર પાણી પાણી થઈ ગયું... દોઢ કલાકમાં સવા ઈંચ વરસાદ વરસ્યો અને નગરના જનજીવનને અસ્તવ્યસ્ત કરી દીધું. (તસવીર : કશ્યપ નિમાવત)

# રાજયમાં ૧૨.૭ કરોડનો દારૂનો જથ્થો જપ્ત કરાયો

અમદાવાદ,તા.૨૧

મુખ્ય ચૂંટણી કમિશન વીએસ સંપતે જુદા જુદા રાજકીય પક્ષો સાથે વાતચીત કર્યા બાદ પંચ દ્વારા લેવામાં આવેલા અસરકારક પગલા અંગે પણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં ચૂંટણી પંચની સતર્કતાના કારણે ૨.૨૦ કરોડની રોકડ તથા અને ૧૨.૭ કરોડ રૂપિયાનો દારૂ ચૂંટણીની હેરફેર માટે લાવતા પકડવામાં આવ્યું છે. રાષ્ટ્રીય પક્ષોએ મુખ્યત્વે લીકર સંબંધી ફરીયાદ કરી હતી. આ ઉપરાંત પેડ ન્યુઝની પણ ફરિયાદ કરી હતી. જેમાં લગભગ ૯૨ પ્રિન્ટ મિડિયા સામે જારી કરવામાં આવી છે. સોશિયલ મિડિયા અને ઈલેક્ટ્રોનિક મિડિયા સામે ૩૩૫ ફરિયાદો મળી છે. મળેલી તમામ ફરિયાદોમાં ચકાસણી કરવામાં આવી રહી છે અને ૧૫ કેસોમાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે તેમજ સોશીયલ અને ઈલેક્ટ્રોનિક મીડીયા પર ઉમેદવારો દ્વારા અપાતી જાહેરાતો ઉપર ખાસ નજર રાખવા સૂચના આપવામાં આવી છે. મુખ્ય ચૂંટણી કમિશનરે જુદી જુદી માહિતી પણ આપી હતી જેમાં ચૂંટણી લક્ષી માહિતીનો સમાવેશ થાય છે.

# આજે મોદીની ૭ સભાઓ


અમદાવાદ, તા.૨૧

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો ઝંઝાવતી પ્રચારનો દોર આવતીકાલે પણ જારી રહેશે. આવતીકાલે નરેન્દ્ર મોદી મહારાષ્ટ્રમાં બે અને આંધ્રપ્રદેશમાં ચાર એમ કુલ ૭ સભા સંબોધનાર છે. સવારે ૯:૩૦ કલાકે સીબી પેટ્રોલ પંપ પાસે, નંદુબાર ખાતે, ૧૦:૪૫ કલાકે શ્યામપ્રસાદ મુખર્જી ગ્રાઉન્ડ, પારોલા રોડ, ધુલે, બપોરે એક કલાકે ઓપન ગ્રાઉન્ડ, ગીરીરાજ ડિગ્રી કોલેજ સામે, નિઝામાબાદ ખાતે, બપોરે ૨:૧૫ કલાકે આંબેડકર સ્ટેડીયમ, કરીમનગર ખાતે, સાંજે ૪:૦૦ કલાકે એમવીએસ ડિગ્રી કોલેજ, મહેબુબનગર ખાતે અને સાંજે ૫:૧૫ કલાકે એલબી સ્ટેડીયમ, હૈદરાબાદમાં નરેન્દ્ર મોદી જાહેર સભાને સંબોધન કરશે.

## NEWS બિટ્સ

### બિસ્મીલ્લાખાનના પરિવારે મોદીના પ્રસ્તાવક બનવાની ના પાડી

પ્રધાનમંત્રી પદના ઉમેદવાર



નરેદ્ર મોદી ૨૪મીએ વારાણસીથી ઉમેદવારી પત્ર ભરવાના છે. તેમના એક પ્રસ્તાવક બનવા દેશના જાણીતા શહેનાઈનાવાદક બિસ્મીલ્લા ખાનના પરિવારને વિનંતી કરાઈ હતી. પરંતુ બિસમીલ્લાખાનના પુત્રએ પ્રસ્તાવક બનવાનો ઈન્કાર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે રાજનિતી અમારું ક્ષેત્ર નથી. સંગીત અમારું ક્ષેત્ર છે.

### મહિમા ચૌધરી અમરસિંહના પ્રચારમાં જોડાયા

ઉત્તરપ્રદેશના ફતેહપુર સિક્રી બેઠક પરથી ચૂંટણી લડી



રહેલા રાષ્ટ્રીય લોક દળના અમરસિંહના ચૂંટણી પ્રચારમાં જાણીતી ફિલ્મી હસ્તીઓ જોડાઈ છે. જેમાં રવિવારે ફિલ્મી અભિનેતા અસરાની અને સોમવારે જાણીતા ફિલ્મ અભિનેત્રી મહિમા ચૌધરીએ રોડ શો કર્યો હતો. નોંધપાત્ર વાત એ છે કે આ વખતે જયા બચ્ચનની ભૂમિકા સક્રિય નથી.

### મોદી-રાહુલ વચ્ચે સીધી ચર્ચા યોજવા અડવાણીની હિમાયત

ભારતીય જનતા પાર્ટીના



પ્રધાનમંત્રી પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી વચ્ચે અમેરીકન સ્ટાઈલથી દેશના તમામ મિડીયાની હાજરીમાં રાષ્ટ્રીય મુદ્દાઓ પર જાહેર ચર્ચા યોજવી જઈએ આવી હિમાયત ભાજપના વરીષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ પશ્ચિમ બંગાળના હુગલી ખાતે ચૂંટણી જાહેરસભા દરમિયાન કરી હતી.

### જયા બચ્ચનની સપાની પ્રચાર સભામાં હાજરી

ઉત્તર પ્રદેશના સમાજવાદી



પક્ષની ચૂંટણીની જાહેર સભામાં અખિલેશ યાદવની સાથે સાથે જયા બચ્ચન પણ જોવા મળ્યા હતા. અગાઉ જેવા સંબંધો ન હોવા છતાં પક્ષના રાજયસભાના સભ્ય હોવાના નાતે જયા બચ્ચને સમાજવાદી પક્ષને મત આપવા જાહેરમાં અપીલ કરી હતી.


### સોનિયા હવે સ્વસ્થ થયા

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સુ શ્રી સોનિયા ગાંધીએ છેલ્લા ૩



દિવસથી અસ્વસ્થતાને કારણે ચૂંટણી પ્રવાસ રદ કર્યા હતા. આજે સાંજે તબીબોના જણાવ્યા અનુસાર સોનિયા ગાંધી હવે સ્વસ્થ બનતા આગામી એક-બે દિવસમાં તેઓ ચૂંટણી પ્રચારમાં પણ જોડાઈ જશે.


## દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



**સ્વ. અશોકકુમાર એસ. ગજ્જર**

સ્વ. તા. ૨૨-૦૪-૨૦૧૨

એક આત્મા પરમાત્મામાં ભળી ગયો,
ગાંધીનગરના આકાશમાંથી એક તારો ખરી ગયો.
સોનેરી સવારે જ સુરજ ભળી ગયો, કુદરતની કસોટીની આ કુરતા તો જોઓ,
જેની જરૂર હતી સૌને તેને જ એ લઈ ગયો, અમારી આંખોનો ઉજાસ,
અમારા જીવનનો સહારો જ લુંટાઈ ગયો, પ્રભુ આપજે એના આત્માને શાંતિ,
અશોક નામનો અમારે તો તારલો જ ખોવાઈ ગયો...

લિ.
એસ.બી.સુથાર (પપ્પા)
નીલાબેન એસ.સુથાર(મમ્મી)
પ્રજ્ઞા એ. ગજ્જર (પત્ની)
સમ્રાટ એ. ગજ્જર (પુત્ર)
ક્રિશ્ના એ. ગજ્જર (પુત્રી)

